ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૧ ટકા
ગાંધીનગર તાપમાન

નવરાત્રીના ઉપવાસ બાદ શહેરની હોટલોમાં ભીડ

શહેરીજનો હવે કોરોના સાથે જીવતા શીખી રૂટિન લાઈફ તરફ આગળ વધી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૬

નવરાત્રી પૂર્ણ થઈ અને તે પહેલા અધિક માસ હતો ત્યારે સળંગ ચાળીસેક દિવસના ઉપવાસ બાદ આજે શહેરીજનોની ભીડ શહેરની અનેક હોટલો અને રેસ્ટોરન્ટમાં જોવા મળી હતી. કુડાસણ-સરગાસણ વિસતારની તમામ હોટલો તથા રેસ્ટોરન્ટમાં ૩૦ થી ૪૫ મિનિટનું વેઈટીંગ જણાયું હતું.

કોરોના કાળ દરમિયાન શહેરીજનો આમ તો ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે પરંતુ લોકડાઉન અને તે પછી પણ તહેવાર અને ઉપવાસ પૂર્ણ

થયા બાદ આજે શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તારના હોટલ-રેસ્ટોરન્ટમાં ભારે ભીડ જોવા મળી હતી તેમાંય પીત્ઝા અને પંજાબી ડીશનું વેચાણ કરનાર રેસ્ટોરન્ટધારકોના ત્યાં સૌથી વધુ ભીડ અને વેઈટીંગ જોવા મળ્યું હતું.

આ પરથી એવું લાગી રહ્યું છે કે શહેરીજનો હવે તેમની રૂટીન લાઈફ તરફ આગળ વધી રહ્યા છે. આમ પણ છેલ્લા આઠેક મહિનાથી કોરોનાને કારણે શહેરીજનો ઘરે રહીને કંટાળ્યા હતા અને હવે કોરોના સાથે જીવતા શીખી ગયા છે અને ધીમે ધીમે ઘરની બહાર નીકળતા થયા છે.

ગાંધીનગર શહેરના ગ-દોઢ પાસે પુંઠા ભરેલો ટેમ્પો શ્વાનને બચાવવા જતા પલ્ટી ખાઈ ગયો હતો. ટેમ્પામાં સવાર બે વ્યકિતઓનો આબાદ બચાવ થયો હતો.જયારે ટેમ્પાના આગળના ભાગને ભારે નુકશાન થયું હતું. માર્ગનું કામ ચાલી રહ્યું છે, તે ખાડામાં ટેમ્પો ખાબકતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. મળતી વિગત મુજબ હિંમતનગર થી અમદાવાદ તરફ પુંઠા ભરીને ટેમ્પો જઈ રહ્યો હતો. ત્યારે ટેમ્પો નં. જી.જે.૦૯.એ.યુ.-૧૭૭૨ શહેરના ગ માર્ગ પરથી બપોરના સમયે પસાર થઈ રહ્યો હતો તે સમયે ગ-દોઢ પાસે અચાનક માર્ગ વચાળે શ્વાન આવી જતા શ્વાનને બચાવવા જતા ટેમ્પો માર્ગના ચાલી રહેલા ખાડામાં પલ્ટી ખાઈ ગયો હતો. જો કે ટેમ્પામાં બે વ્યકિત સવાર હતા, પરંતુ કોઈને ઈજા પહોંચી ન હતી. બંન્ને વ્યકિત ટેમ્પામાંથી સહી સલામત રીતે બહાર નીકળ્યા હતા. જો કે અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો ટોળે વળ્યા હતા.

વિજયાદશમી નિમિત્તે કચ્છ કાઠિયાવાડ સેવા સમાજ દ્વારા શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓ અને સભ્યો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા.

શહેરના શ્રમિક પરિવારની મહિલાઓને શ્રીંગાર તથા અનાજ કરિયાણાની કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૨૬

નવરાત્રી એટલે જગતજનની મા જગદંબાની આરાધના સાથે યુવાનો માટે ઉત્સાહ અને ઉમંગનો તહેવાર છે. આ પાવન અવસરે ગાંધીનગરની બે યુવતીઓ ઝરણા રાવલ અને કેતા દેસાઈ દ્વારા શહેરના સરગાસણ તથા કુડાસણ વિસ્તારની બાંધકામ ક્ષેત્રના જરૂરિયાતમંદ શ્રમિક વર્ગના પરિવારોની મહિલાઓને શ્રીંગાર કીટ તથા પરિવારજનોને અનાજ-કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મા અંબે અને શ્રીંગારનું આગવું મહત્વ છે અને નવરાત્રીને શૃંગારિક બનાવવાના ભાવ સાથે તેમના દ્વારા શહેરના સરગાસણ તથા કુડાસણ વિસ્તારમાં બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા શ્રમિક પરિવારની મહિલાઓને શ્રીંગારની કીટનું વિતરણ કરાયું હતું. આ કીટમાં સાડી, બિંદી, રબરબેન્ડ, નેઈલ પોલીશ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને કોરોના કાળના મુશ્કેલ સમયમાં તેમના જીવનમાં ઉત્સાહનું કિરણ આવે તે માટે અનાજ કરિયાણાની કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બાજરી, ઘઉં, ચોખા,ઘી, તેલ, કઠોળ, દૂધ જેવા પૌષ્ટિક ધાન ઉપરાંત માસ્ક અને સેનેટાઈઝરનો પણ સમાવેશ કરાયો હતો. આ સેવાકાર્યમાં કુલ ૬૦ કીટનું વિતરણ કરાયું હતું. જેમાં ૨૧ શ્રીંગાર કીટ હતી. આ ઉમદા કાર્ય પાછળનો આશય નિસ્વાર્થભાવે સેવા કરીને દરેક વર્ગ વચ્ચે પ્રેમભાવ પેદા થાય અને જરૂરિયાતમંદ વર્ગના પરિવારોનું જીવન પણ વધુ સુખદાયી અને આનંદમય બને તેવો હતો.

અભિવ્યકિત કલા કેન્દ્ર દ્વારા વર્ચ્યુઅલ ઘુંઘરૂ પૂજા યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

દશેરા પર્વના દિવસ આમ તો રાવણ દહન મુખ્યત્વે થાય છે પરંતુ આ દિવસ શાસ્ત્ર પૂજન માટે પણ ઉજવાય છે. અને વાદ્યકારો માટે પણ વાદ્યો તેમના શસ્ત્ર જ છે તેમજ દરેક નૃત્યકાર માટે ઘુંઘરૂ એ શસ્ત્ર છે. ત્યારે દશેરા નિમિત્તે નટરાજ પૂજન અને ઘુંઘરૂ પૂજન કરવાનું ઘણું મહત્વ છે. આ બાબતને ધ્યાનમાં લઈને ઘણા નૃત્યકારો દ્વારા આ દિવસે ઘુંઘરૂ પૂજન કરવામાં આવે છે. શહેરની અભિવ્યકિત કલા કેન્દ્ર દ્વારા પણ આ વર્ષે ઘુંઘરૂ પૂજન કરવામાં આવ્યું હતું.

દશેરાના દિવસે શસ્ત્ર પૂજન કરવાનું મહત્વ છે અને છેલ્લા ૨૦ વર્ષથી કથ્થક નૃત્યની તાલીમ આપતા સંસ્થા અભિવ્યકિત કલા કેન્દ્ર દ્વારા ઘુંઘરૂ પૂજન કરવામાં આવે છે અને દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજા યોજાઈ હતી પરંતુ કોરોના મહામારીને કારણે સંસ્થા દ્વારા વર્ચ્યુઅલ પૂજનનું આયોજન

કરી નટરાજ અને ઘૂંઘરૂની વિધિવત પૂજા કરવામાં આવી હતી. આ વર્ચ્યુઅલ પૂજાનું આયોજન સંસ્થાના સંચાલક ગાર્ગી ઠકકર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તેમના ગુરૂ કુમુદબેન ભટ્ટ અને સંસ્થાની આશરે ૨૫ જેટલી દીકરીઓ દ્વારા પૂજામાં ભાગ લઈ ઘુંઘરૂ પૂજન કરી ગુરૂમાના આશીર્વાદ લઈ કથકની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે દેવાધિદેવ મહાદેવના ચરણોમાં ભાગ લેનાર સર્વે દ્વારા નટરાજ સ્તુતિ અર્પણ કરવામાં આવી હતી.

હજુ તો શિયાળો શરૂ થયો નથી ત્યાં તો ક્રિકેટ રમતા યુવાનો ઠેર ઠેર જોઈ શકાય છે. શાળા-કોલેજો બંધ છે ત્યારે યુવાનો હાલમાં એકદમ રીલેકસ મોડમાં છે. સેકટર-૧૧ના રામકથા મેદાનમાં તો જાણે મેળો જામ્યો હોય તેવો માહોલ જોવા મળે છે. બાળકો-યુવાનો જુદી જુદી ટીમ બનાવી ક્રિકેટ રમતા જોવા મળે છે.

સચિવાલય અને પોલીસભવન વચ્ચેના માર્ગની સુધારણાનું કામ હાલમાં ચાલી રહ્યું છે. વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવી રહ્યું છે અને તેને વિવિધ રંગી પટ્ટા મારી સજાવવામાં આવી રહ્યા છે. રજા દરમિયાન પણ આ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

કોલવડામાં પરંપરાગત રીતે આઠમની સગડી-નોમની ભવાઈ યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના પાદરે કોલવડા ગામે લાલઘર માતાજીના પ્રાચીન મંદિરે વર્ષો જુની પરંપરા અનુસાર નવરાત્રીની આઠમની સગડી અને નોમની ભવાઈ-જાતર સાથે દશેરાએ હવન યોજાયા હતા. આ સાથે ઉલ્લેખનીય છે કે ગામના પટેલ અને રાજપૂત પરિવારો દ્વારા ભાદરવા માસના પ્રારંભથી ચુડી-ચુંદડી સહિત માતાજીના અણુજાની પરંપરા પણ સુપેરે નિભાવવામાં આવી હતી.

કોલવડાના સુવિખ્યાત લાલઘર માતાજીના મંદિરે નવરાત્રીની આઠમે સગડીનો મહિમા હોય છે. જેમાં ગામનો નાયક પરિવાર માતાજીની

વેશભૂષા કરી પંચાયત ભવને આવેલા વારાહી માતાજીના મંદિરે જશે જયાંથી પગમાં ઘુઘરા બાંધી રાજપૂત માંડવી ચોકમાં આવી ગરબી ગાઈને પાટીદાર માંડવી ચોકમાં માતાજીના પ્રાગટય અને આશીર્વાદ અંગે વાત કરશે. આ પછી પાટીદાર પરિવાર 'કર' નિમિત્તે માતાજીના કેસમાં તેલ પુરે એટલે માતાજીની સગડી લઈને ચોકમાં રમીને સગડી બાજટ પર ફોડવામાં આવે છે અને તે સાથે માતાજી સમગ્ર ગામને આશીર્વાદ આપે છે. આ પ્રસંગે ગ્રામજનોની એટલી આસ્થા જોડાયેલી છે કે તેને નિહાળવા આખું ગામ ઉમટે છે, એવી માન્યતા છે કે કોઈ પણ પ્રકારની હોનારત, આપત્તિ કે મુશ્કેલીમાં લાલઘર મા ગામની પડખે ઉભા રહી રક્ષા કરે છે. આ પછી માતાજીના 'દિરે નોમની ભવાઈ-જાતર યોજાય છે અને દશેરાના દિવસે હવન યોજાય છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે લાલઘર માતાજીના મંદિરે ગોકળ આઠમે મેળો ભરાય છે અને ગામમાં નવદપતિ તેમની સાક્ષીએ છેડા છોડે છે તેમજ ગામના પરિવારના બાળકોની ચૌલક્રિયા પણ અહીં જ થાય છે અને ગામમાં તોરણ બાંધવાની પ્રથા પણ માતાજીના આશીર્વાદ પ્રાપ્તિનો ભાગ છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. કલાબેન કિશોરભાઈ દંતાણી, ઉ.વ. ૫૭, સે-૧૧-છાપરાં, ગાંધીનગર
- સ્વ. વણઝારા લાલાભાઈ રામાજી, ઉ.વ. ૩૧, સે-૨૪-છાપરાં, ગાંધીનગર
- સ્વ. શારદાબેન બળદેવભાઈ નાડીયા ઉ.વ. ૫૭, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ પરેશકુમાર નટવરલાલ, ઉ.વ. ૩૮, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. દેવાભાઈ હિરાભાઈ સોલંકી, ઉ.વ. ૭૪, પોર, તા. ગાંધીનગર
- સ્વ. આસીતભાઈ મનુભાઈ મહેતા, ઉ.વ. ૫૭, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. અમરતભાઈ બી. પ્રજાપતિ, ઉ.વ. ૬૦, સે-૬-છાપરાં, ગાંધીનગર
- સ્વ. કૈલાશબેન અમિતકુમાર પટેલ, ઉ.વ. ૪૦, સેકટર-૧૨, ગાંધીનગર
- સ્વ. હરખાબેન ભગવાનભાઈ દેસાઈ, ઉ.વ. ૬૭, સેકટર-૨૫, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. સાધુ અરવિંદભાઈ નટવરલાલ, ઉ.વ. ૬૫, સરગાસણ, તા. ગાંધીનગર
- સ્વ. પરમાર દિનેશભાઈ ચુતરભાઈ, ઉ.વ. ૬૧, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. મોદી સુર્યકાંત રતિલાલ, ઉ.વ. ૮૮, સેકટર-૪, ગાંધીનગર

એન્જોય યોર રાઈડના અભિગમ સાથે એક દિવસમાં ૧૦૦ કિ.મી. સાયકલ રાઈડિંગ

શહેરના પાંચ સાયકલિસ્ટ દ્વારા સાયકલિંગ ચેલેન્જ એક્સેપ્ટ કરીને દરરોજ અલગ અલગ અંતરની સાયકલ રાઈડ કરવામાં આવી રહી છે

ગાંધીનગર, તા. ૨૫

કોરોનાને કારણે તથા લોકડાઉન દરમિયાન ઘરે જ રહીને શહેરના તમામ એ દિવસો પસાર કર્યા છે. ઘણા દિવસો એવા પણ હતા કે ઘરની નીચે પણ નહતુ ઉતરાતુ ત્યારે આરોગ્યનું ધ્યાન રાખવા જાગૃત નગરજનો દ્વારા ઘરે કસરત કરવામાં આવી થોડી છૂટ મળતા વોકીંગ અને જીમને મંજુરી મળતા ઘણા શહેરીજનોએ જીમ જોઈન કર્યા છે પરંતુ શહેરના ફીટનેસપ્રેમી ડૉ. ગૌરાંગ થાનકી, રૂચિ થાનકી, નિસર્ગ પટેલ, કિરણ યાદવ તથા કેયુર દેસાઈ દ્વારા દરરોજ સાયકલિંગ કરીને સ્વાસ્થ્યની જાળવણી કરવામાં આવી રહી છે. પરંતુ કાંઈક વિશેષ રીતે તેઓએ સાયકલિંગને એક ચેલેન્જ તરીકે લીધી છે અને ભેગા મળીને હાલમાં જ તેમણે ૧૦૦ કિલોમીટર સાયકલીંગ પૂર્ણ કર્યુ છે. આ ૫ સ્ટેજની ચેલેન્જ ૧૦૦ દિવસ સુધી અલગ અલગ ચેલેન્જ સાથે ચાલવાની છે. જેમાં આ પાંચેય શહેરીજનો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

આ સાયકલીંગના કિલોમીટર્સ કાઉન્ટિંગ અને અનુભવ વિશે વાત કરતા શહેરના વરિષ્ઠ ડૉ. ગૌરાંગ થાનકી જણાવે છે કે અમે મિત્રો ભેગા મળીને વર્ષોથી દર રવિવારે સાયકલીંગ કરતા જ હતા અને સાયકલીંગ સ્પર્ધામાં ભાગ લેવાની ઘણીવાર ઈચ્છા થતી પરંતુ કોઈ વખત અનુકૂળતા ન હોય તો ક્યારેક સ્થળ દૂર પડી જતુ હતુ પરંતુ થોડા દિવસ પહેલા જ સોશિયલ મિડિયામાં ટુરડે ૧૦૦ એપ્લીકેશન મારા ધ્યાનમાં આવી જેમાં ૧૦૦ બુડ સાયકલીંગ સાથે ૫ સ્ટેજ અને કુલ ૩૦ ચેલેન્જ મારા ધ્યાનમાં આવી. આ સંસ્થાનો મેઈન ઉદ્દેશ એન્જોય યોર રાઈડ છે કે, હવે કોઈ પણ સ્પર્ધામાં ભાગ લેવા અમારે તેમના દ્વારા

નિશ્ચિત કરેલા સમયે જવુ નથી પડતુ આ એપ્લીકેશન ક્યારેક એક સાયકલ ટાઈમીંગ અને ડિસ્ટન્સનું ટ્રેકિંગ કરતી એપ્લીકેશન સાથે એકવાર રજીસ્ટ્રેશન કર્યા બાદ લીંક થઈ જાય છે જેથી તેમના દ્વારા અપાયેલી ૧૦૦ દિવસની ચેલેન્જમાં દિવસ દરમિયાન અમારે જે સમયે સાયકલ રાઈડ પર જવુ હોય જઈ શકાય છે. આ ચેલેન્જીસમાં સૌ પ્રથમ દિવસે ૨૦ પછી થોડા દિવસમાં ૫૦, ૧૦૦, ૧૫૦, ૧૭૫ કિમી જેમ અલગ અલગ અંતર કાપવાની ચેલેન્જ અપાય છે. જેમાં એક રાઈડ દરમિયાન ફક્ત ૩૦ મિનિટ્સનો જ બ્રેક માન્ય છે. ૧૯ ઓક્ટો.થી પાંચેય મિત્રોએ ડે, રૂચિ થાનકી, કેયુર દેસાઈ, નિસર્ગ પટેલ અને કિરણ યાદવ એક્ટીવલી જોડાયા છીએ અને આજે અમે કુલ ૧૦૦ કિમી સાયકલ રાઈટીંગની રાઈડ પૂર્ણ કરી છે.

તેમના અનુભવ વિશે વાત કરતા તેઓ જણાવે છે કે આટલા દિવસ સાયકલ ચલાવ્યાના અનુભવ પરથી લાગતુ નથી કે હવે આમ થાક લાગે છે. સાયકલીંગ હવે એક આદત બની ગઈ છે. કોરોના કાળમાં જીમમાં જવુ તેના કરતા સાયકલીંગ કરવુ મને બેસ્ટ વર્ક આઉટ લાગે છે અને સરળ પણ છે.

આ બાબતે વાત કરતા સાયકલ રાયડર નિસર્ગ પટેલ જણાવે છે કે સાયકલીંગ એ વેઈટ કન્ટ્રોલ કરવાનુ બેસ્ટ માધ્યમ છે. સાયકલીંગ કરવાથી મેટાબોલીઝેમ રેટમાં વધારો થાય છે. મસલ્સ બિલ્કઅપ થાય છે અને શરીરમાંથી ફેટ બર્ન થાય છે. સાયકલીંગ પોતાની મરજીથી ગમે તે સમયે કરી શકાય છે અને કોઈપણ સમયે તમે તેની ઈન્ટેન્સીટી ચેન્જ કરી શકો છે. મને એક્સરસાઈઝ કરતાં સાયકલીંગ વધુ સરળ લાગે છે. હું આમ તો જીમમાં એક્સરસાઈઝ કરતો હતો પણ હવે મે કસરત કરવા માટે સાયકલીંગની ચેલેન્જનો એક નવો રસ્તો શોધ્યો છે અને આ આદતને રૂટીન લાઈફમાં ઉમેરી છે અમે બધા જ ફન અને સ્વાસ્થ્ય બંને માટે સાયકલીંગ કરીએ છીએ અને લોંગ રાઈડ કરીએ ત્યારે અમે બેક લાઈટ અને ફ્રન્ટલાઈટ સાથે હેલ્મેટ અને પાણીની બોટલ લઈ જઈએ છીએ.

સાયકલ રાઈડ પર જતા તમામ શહેરીજનો પોતાની સાથે હેલ્મેટ અને પંક્ચર કીટ પણ રાખે છે તથા હેલ્ધી ફૂડ પણ કેરી કરે છે જેથી રસ્તામાં વધુ બ્રેક ન લેવો પડે.